# મેટ્રો-૩નું કામ શરૂ અને ટ્રાફિકમાં નિયંત્રણો લાધ્યાં

મુંબઇઃ મેટ્રો-૩ના રૂટ પર ડી. એન. રોડ પર હુતાત્મા ચોક, જગન્નાથ શંકર શેઠ માર્ગ પર કાલબાદેવી અને ગીરગામ સ્ટેશન અને ડૉ એની બેસન્ટ રોડ પર વરલી સ્ટેશન આવવાના છે. મેટ્રો-૩ના કામનો આરંભ થઇ રહ્યો છે અને એ માટે ટ્રાફિકનું નિયમન કરવામાં આવ્યું છે.

ટૂંક સમય માટે ટ્રાફિક માટે બંધ કરવામાં આવેલો રસ્તોઃ ડી. એન. રોડથી ઉત્તર તરફ જતા રસ્તા પર હુતાત્મા ચોકથી પુરૂષોત્તમદાસ ઠાકુર માર્ગ જંક્શન ટ્રાફિક માટે બંધ કરવામાં આવ્યો છે. હુતાત્મા ચોક જંક્શન ખાતે વીર નરિમાન રોડ અને એમ. જી. રોડ પરથી આવતા અને ડી. એન રોડ પર જતાં વાહનો માટે લેફ્ટ ટર્ન બંધ રહેશે. જ્યાં સુધી કામ પૂર્ણ નહીં થાય, ત્યાં સુધી આ ટ્રાફિક નિયમન અમલમાં રહેશે.

રાઇટ ટર્ન બંધઃ સર ફિરોજ શાહ મહેતા રોડ પરથી ઉત્તર તરફ જતા વાહન ડી. એન. રોડ પર રાઇટ ટર્ન નહીં લઇ શકે.

નો પાર્કિંગઃ હુતાત્મા જંક્શનથી સીએસટીની વચ્ચે વાહનો પાર્ક નહીં કરવા દેવામાં આવે. સર ફિરોજ શાહ મહેતા માર્ગ પર અને શહીદ ભગતસિંહ રોડ જંક્શન પર હેન્ડલૂમ હાઉસ જંક્શન (ડી. એન. રોડ) સુધી નો પાર્કિંગ અમલમાં રહેશે.

ટર્ન લેફ્ટઃ વીર નરિમાન રોડથી ડી.એન. રોડ તરફ જતા પ્રવાસીઓ ખાતેથી ઓસીએસ જંક્શન તરફ વાયા કે. બી. પટેલ માર્ગ સીટીઓ જંક્શન ખાતેથી લેફ્ટ ટર્ન લઇ શકશે, જ્યાંથી તેઓ હજારીમલ સોમાની માર્ગ અથવા મુંબઇ જીમખાના કોર્નર અને એમ. જી. રોડ થઇને મેટ્રો જંક્શન પ્રયાણ કરી શકશે.

એમ. જી. રોડથી ડી. એન. રોડ તરફ આવતા મુંબઇ જીમખાના પાસેથી હજારીમલ સોમાની માર્ગ તરફ લેફ્ટ ટર્ન લઇ પુરુષોત્તમ ઠાકુરદાસ માર્ગ જંક્શનથી રાઇટ ટર્ન લઇ, ત્યાંથી સીધા જઇ ડી. એન. રોડ જંક્શન પર સીએસટી જંક્શન તરફ લેફ્ટ લઇ શકશે.

ટર્ન રાઇટઃ સર ફિરોજ શાહ મહેતા રોડ લેનારાઓ મહર્ષિ દધિચી માર્ગ દ્વારા સીધા જઇને એમ. જી. રોડ જંક્શન ખાતેથી રાઇટ લઇ એમ. જી. રોડ દ્વારા હજારીમલ સોમાણી માર્ગ અથવા મેટ્રો જંક્શન જઇ સીધા આગળ જશે.

જગન્નાથ શંકર શેઠ રોડ પર પણ ગીરગામ સ્ટેશન બનવાનું છે. ત્યાં પણ ટ્રાફિકનું નિયમન કરવામાં આવ્યું છે. ગીરગામ ચર્ચથી સૈફી હૉસ્પિટલ સુધી રાજા રામમોહન રોય રોડ પર પાર્કિંગ કરવા દેવામાં નહીં આવે.

ઠાકુરદ્વાર જંક્શનથી શામળદાસ ગાંધી જંક્શન સુધી દક્ષિણ તરફ જતો જગન્નાથ શંકર શેઠ માર્ગ બધા ટ્રાફિક માટે બંધ રહેશે. ■

# ટીવીએફના સીઇઓ સામે આરોપનામું દાખલ

મુંબઇઃ જાતીય સતામણીની ફરિયાદ સંબંધી ટીવીએફ (ધ વાઇરલ ફિવર)ના સીઇઓ અરુનાભ કુમાર સામે આરોપનામું દાખલ કરવા એમઆઇડીસી પોલીસે પાંચ વોટ્સ ઍપ મેસેજના સ્ક્રીન શૉટનો આધાર લીધો છે. ટીવીએફ નામના ડિજિટલ એન્ટરટેઇનમેન્ટ સ્ટાર્ટ અપની લેખિકા, નિર્દેશિકાએ આ મેસેજ એની મિત્રને મોકલ્યા હતા.

પોલીસે ગયા અઠવાડિયે અંધેરીની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટમાં કુમાર સામે ૨૭૫ પાનાનું આરોપનામું દાખલ કર્યું છે, જેમાં ટીવીએફની ઑફિસમાં બનાવના દિવસે હાજર રહેલા ૧૪ લોકોના નિવેદન પણ સામેલ છે. કુમારે પોલીસને આપેલા પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે એણે આ કૃત્ય જાણીજોઇને કર્યું નહોતું.

વોટ્સ ઍપ મેસેજ, ૧૪ સાક્ષીઓના નિવેદન ઉપરાંત પોલીસે બનાવ સ્થળનું પંચનામું પણ કર્યું હતું અને ટીવીએફની ઑફિસના ફોટા પણ લીધા હતા. અંધેરી ઑફિસમાં શૂટ દરમિયાન ટીવીએફના સીઇઓએ ફરિયાદી સાથે ગેરવર્તન કર્યું હતું. શૂટના તુરંત બાદ ફરિયાદીએ તેની મિત્રને આ ગેરવર્તનને લગતા મેસેજ વોટ્સ ઍપ દ્વારા પાઠવ્યા હતા. આ મેસેજને પોલીસ મુખ્ય પુરાવા માની રહી છે. શૂટ દરમિયાન સીઇઓએ ફરિયાદી મહિલાની જાતીય સતામણી કરી, એની સામે નિવસ્ત્ર થયો, અભદ્ર ભાષા બોલ્યો અને મહિલાના ગળા પરના ટેટુનો અણછાજતો સ્પર્શ કર્યો એ અંગેનો વિગતવાર અહેવાલ આરોપનામા સાથે જોડવામાં આવ્યો છે. ફરિયાદી મહિલાએ ૧૩ માર્ચના રોજ ફેસબુક પર પોસ્ટ મૂકીને સીઇઓ કુમાર સામે સતામણીનો આરોપ કર્યો હતો.

એમઆઇડીસી પોલીસના વરિષ્ઠ ઑફિસર શૈલેશ પસલવારે ૨૨ એપ્રિલના રોજ કુમારની ધરપકડ અને તે જ દિવસે તેની વચગાળાના જામીન પર છુટકારા બાદ નવમી મેના રોજ દાખલ કરવામાં આવેલા આરોપનામાની વાતનું સમર્થન કર્યું હતું.

આરોપનામાની અંદર કુમાર સામેની બીજી એફઆઇઆરનો પણ સમાવેશ થાય છે, જે પહેલી ફરિયાદ બાદ કરાઇ હતી અને જેમાં ૨૪ વર્ષની કંપનીની ભૂતપૂર્વ કર્મચારીએ કુમાર સામે ગેરવર્તનનો આરોપ કરતી ફરિયાદ કરી હતી. કર્મચારીએ જ્યારે જણાવ્યું કે તે પોલીસ ફરિયાદ કરશે, ત્યારે કુમારે એવો જવાબ આપ્યો હતો કે 'પોલીસ તો મેરી જેબ મેં હૈ.' મહિલા કર્મચારીએ આ બનાવ બાદ નોકરી છોડી દીધી હતી. ત્યાર બાદ કંપનીના કાનૂન વિભાગ તરફથી તેને કરાર ભંગની નોટિસ મળી હતી. મહિલા કર્મચારીની માતાએ સીઇઓ કુમાર સાથે લડવાની ના પાડી હતી. કુમારે મહિલાના પિતાને બોલાવીને જણાવ્યું હતું કે તેમની પુત્રીએ બધી વાત ઉપજાવી કાઢેલી છે. ■

# વિઠ્ઠલવાડી સ્ટેશનમાં કમર્શિયલ ઇન્સ્પેક્ટર પર હુમલો

કલ્યાણ : કલ્યાણ રેલવે સ્ટેશનના મુખ્ય વાણિજ્ય નિરીક્ષક સંદીપ તિવારી પર વિઠ્ઠલવાડી રેલવે સ્ટેશન ખાતે લગેજ માફિયાઓએ હુમલો કર્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. તિવારીએ રેલવેમાં ગેરકાયદેસર સામાન ચઢાવવાનો વિરોધ કરતા તેમની પર હુમલો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

રેલવેમાં ગેરકાયદે લગેજ ચઢાવવામાં આવે છે એવી અનેક ફરિયાદ તિવારી પાસે આવી હતી. ફરિયાદોના પગલે તિવારીએ લગેજ વિરોધી કાર્યવાહી શરૂ કરી હતી. લગેજ માફિયાઓ સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવતા મુસા નામની એક વ્યક્તિ રોષે ભરાઇ હતી અને તેણે તિવારી પર બિયરની બાટલીના કાચ વડે હુમલો કર્યો હતો. કાચ વડે હુમલો થતાં તિવારીએ હાથ આડો રાખી દીધો હતો પરિણામે તેમને હાથ પર ઇજા થઇ હતી. કલ્યાણ રેલવે સ્ટેશનના એક ટીસીએ આ હુમલો થતાં જોઇ લેતાં તેણે તાત્કાલિક તિવારીને રેલવેની મધ્યવર્તી હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા.

લગેજ માફિયાઓ દ્વારા રેલવે કર્મચારીઓ પર છાશવારે આવા હુમલા થતાં હોય છે. અગાઉ થાણેના વાણિજ્ય નિરીક્ષક સંજય ગુપ્તા પર કોપર રેલવે સ્ટેશન ખાતે આ જ રીતે હુમલો કરવામાં આવ્યો હતો. ■

# મેનગ્રોવ્ઝને બચાવવા સરકાર ૧૦૦ કરોડ ખર્ચશે

મુંબઇઃ મુંબઇની ઓળખાણ સમાન મેનગ્રોવ્ઝને બચાવવાના ભૂતકાળના સરકારના પ્રયત્ન સદંતર નિષ્ફળ ગયા બાદ રાજ્યના વન વિભાગને આત્મજ્ઞાન લાધુ છે અને તેણે મુંબઇ અને નવી મુંબઇની મેનગ્રોવ્ઝની ફરતે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સંરક્ષણાત્મક દીવાલ બાંધવાનું નક્કી કર્યું છે, જેથી ત્યાં ફેંકાતા કચરાની સમસ્યા અને અતિક્રમણથી છૂટકારો મળે. મહારાષ્ટ્રની કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઑથોરિટીએ આ દરખાસ્ત ગયા અઠવાડિયે પાસ કરી દીધી છે.

પર્યાવરણવાદીઓ આ દીવાલ બાંધવાની વિરુદ્ધમાં છે. તેમનું કહેવું છે કે હાલમાં તો અતિક્રમણની ખબર પડે છે, પણ દીવાલ બાંધી દેવાથી અતિક્રમણની ખબર જ નહીં પડે. તે ઉપરાંત ભરતીના પાણીના વહનનો પ્રશ્ન પણ ઊભો થશે. આના કરતા લોખંડની વાડ બાંધવી જોઇએ.

કાંજૂરમાર્ગ, ચીકુવાડી, માલવણી-મલાડ, ચારકોપ, બોરીવલી, એરંગલ, દહિસર, ગોરાઇ, એક્સર, મંડાલે, તુર્ભે, માહુલ, ઘાટકોપર, કોલાબા, ઐરોલી અને વાશી ખાતે આ સંરક્ષણાત્મક દીવાલ બાંધવામાં આવશે પશ્ચિમ મુંબઇમાં આ દીવાલ ૧૯,૭૧૫ મીટર અને મધ્ય મુંબઇમાં આ દીવાલ ૬,૮૩૫ મીટર તેમ જ નવી મુંબઇ ખાતે આ દીવાલ ૨૮,૫૫૦ મીટર લાંબી હશે અને ૧૦ ફૂટ ઊંચી હશે. આશરે દોઢેક વર્ષ પહેલા એમએમઆરડીએએ બાન્દ્રા કુર્લા કૉમ્પ્લેક્સ ખાતે મેનગ્રોવ્ઝની ફરતે સંરક્ષણાત્મક દીવાલ બાંધી હતી, જેથી આસપાસના બાંધકામના કાટમાળથી તેનું રક્ષણ થાય. મુંબઇ પાસે ૫૮૦૦ હેક્ટરનો મેનગ્રોવ્ઝનો અણમોલ ખજાનો છે. મેનગ્રોવ્ઝનું રક્ષણ કરવા મેનગ્રોવ્ઝ પ્રોટેક્શન યુનીટ પણ કાર્યરત છે. આ વર્ષના જાન્યુઆરીથી માર્ચના ત્રણ મહિનાના સમયગાળામાં મેનગ્રોવ્ઝ નષ્ટ કરવાના આશરે ૬૩ કેસ નોંધાયા હતા. ■

# ઠાકરે મૅમોરિયલની સામે કાયદાકીય અવરોધ આવે એવી શકયતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : દાદરના શિવાજી પાર્કમાં આવેલા મેયર બંગલામાં પ્રસ્તાવિત શિવસેના પ્રમુખ બાળ ઠાકરે મૅમોરિયલના કામમાં કાયદાકીય અડચણ ઊભી થાય એવી શકયતા જણાઈ રહી છે.

સામાજિક કાર્યકર ભગવાનજી રયાણીએ મુંબઈ હાઈ કોર્ટમાં આ મૅમોરિયલ બાંધવા સામે એક જનહિતની અરજી દાખલ કરી છે. તેમની અરજી મુજબ સુપ્રીમ કોર્ટના ૨૦૧૩ના ચુકાદા પ્રમાણે અને ત્યારબાદ ૨૦૧૪ની સાલમાં કેન્દ્ર સરકારે બહાર પાડેલાસર્ક્યુલર મુજબ સરકારી બંગલામાં કોઈ પણ રાજકીય નેતાનું મૅમોરિયલ બાંધી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે ૨૦૧૩ની સાલમાં એક ચુકાદામાં સરકારની માલિકીના બંગલામાં કોઈ પણ પ્રકારનું સ્મારક બાંધી શકાય નહીં. ત્યારબાદ ૨૦૧૪ની સાલમાં કેન્દ્ર સરકારે પણ સરકારી બંગલામાં કોઈ પણ જાતનું સ્મારક બાંધી શકાય નહીં એવો એક સર્ક્યુલર બહાર પાડયો હતો. દાદર શિવાજી પાર્કમાં બાળ ઠાકરેનું સ્મારક બનાવવું એટલે સુપ્રીમ કોર્ટના આદેશની અવગણના ગણાશે એવું ભગવાનજી રયાણીએ કહ્યું હતું. બે અઠવાડિયા અગાઉ તેમણે કોર્ટમાં આ જનહિતની અરજી કરી હતી. એ સાથે જ તેમણે સુધરાઈ કમિશનપ અજોય મહેતાને કાયદાકિય નોટિસ પણ મોકલી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નવેમ્બર, ૨૦૧૫ની સાલમાં મેયર બંગલામાં બાળ ઠાકરેનું મૅમોરિયલ બનાવાની જાહેરાત કરી હતી. એ અગાઉ મૅમોરિયલ બનાવવા માટે જગ્યા શોધી કાઢવા ચીફ સેક્રેટરી સ્વાધીન ક્ષત્રિયના નેતૃત્વમાં એક કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટીએ અભ્યાસ કર્યા બાદ શિવાજી પાર્કમાં આવેલા મેયર બંગલાને મૅમોરિયલ બનાવવા માટે મંજૂરી આપી હતી. ■

છેલ્લા પાનાનું ચાલુ

## ટેલિફોન એક્સચેન્જ

૧૮ જેટલા સિમ બોક્સ જપ્ત કરાયાં હતાં.

ભિવંડીમાં રહેનારા ઉપરોક્ત ચારેય શખસની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના કહેવા મુજબ ઉપરોક્ત સિમ બોક્સમાં ૪૨૦ જેટલા સિમકાર્ડ હતાં. આ સિમકાર્ડને રાઉટર દ્વારા જોડવામાં આવ્યાં હતાં. આરોપીઓએ પોલીસને કહ્યું હતું કે આ સિમ બોક્સને ઇન્ટરનેટ કનેકશન આપવામાં આવ્યું હતું. તેઓ વિદેશથી આવનારા કૉલ્સને વીઓઆઇપી દ્વારા પ્રાપ્ત કરીને ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ મારફત તેને ડોમેસ્ટિક કૉલ્સ દેખાડીને સંબંધિત મોબાઇલ અથવા લેન્ડલાઇન સાથે જોડી દેતા. પરિણામે મોબાઇલના ડિસ્પ્લે પર વિદેશી નંબરને બદલે ડોમેસ્ટિક નંબર દેખાતો હતો અને આને કારણે સુરક્ષા યંત્રણા વિદેશના નંબર ટ્રેસ કરી શકતી નહોતી અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશનમાં આવા કૉલ્સની નોંધ થતી નહોતી. આ ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જને કારણે સરકારને ૩૦ કરોડનું નુકસાન થયું હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.

પોલીસે ચારેય આરોપીના નિવાસસ્થાને છાપા માર્યા બાદ ૧૮ સિમ બોક્સ, ૯ રાઉટર, બે લેપટોપ, નોટપેડ, પાંચ મોબાઇલ, કનેક્ટિંગ કેબલ, ૪૨૦ સિમકાર્ડ અને અન્ય ઉપકરણ સહિત રૂ. ૧૭.૫૪ લાખની મતા જપ્ત કરી હતી. પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી અને એક જણને તાબામાં લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે કેટલાક દિવસ પહેલા ભિવંડીમાં મોટા પ્રમાણમાં બનાવટી સિમકાર્ડ જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ સિમકાર્ડનો ઉપયોગ ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ માટે કરવામાં આવ્યો હશે, એવી પોલીસને શંકા છે. આ પ્રકરણમાં સર્વિસ પ્રોવાઇડર કંપનીનો અધિકારી પણ સંડોવાયો હોવાનું કહેવાય છે. આ ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ છેલ્લા નવ મહિનાથી ચાલી રહ્યાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું. ■

## સોનિયા

બાબતે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોનિયા ગાંધીની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ તેમણે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની પણ મુલાકાત લીધી હતી અને તેમની વચ્ચે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચર્ચા થઇ હતી. ■

## વર્સોવા બ્રિજ

વેસ્ટર્ન એક્સપ્રેસ સુધી ટ્રાફિકજામ રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે મહાડ બ્રિજની દુર્ઘટનામાં ૨૮ જણનાં મોત થયા પછી રાજ્ય સરકારે તમામ જૂના-જર્જરિત બ્રિજનું ઇન્સ્પેક્શન કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં ૪૩ વર્ષ જૂના અને ૪૮.૫ મીટર લાંબા બ્રિજમાં ક્રેક પડ્યાનું ધ્યાનમાં આવ્યું હતું. ■

## પાલિકા

પાણીના જોડાણ લેવાના બનાવ પણ બનતા હોય છે. તેથી તેના પર ઉપાય તરીકે જો રાતના સમયે આ લોકો પર નજર રાખનાર કોઈ હોય તો ચોક્કસ ગેરકાયદે પ્રવૃત્તિ પર નિયંત્રણ આવી શકે છે. તેમ જ ગેરકાયદે પ્રવૃત્તિ પર નિયંત્રણ આવવાથી પાલિકાની આવકમાં પણ વધારો થઈ શકે છે. પાલિકાના લાઈસન્સ, અતિક્રમણ નિર્મૂલન તથા પાણીપુરવઠા જેવા વિભાગના કર્મચારીઓ બે અથવા ત્રણ પાળીમાં કામ કરે તો જ તે શકય છે એવી સૂચના ભાજપના નગરસેવકે કરી છે. એટલું જ નહીં, પણ પ્રૉપર્ટી ટૅક્સ, વૉટર ટૅક્સ જેવા જુદા જુદા ટૅક્સ ભરવા માટેના નાગરી સુવિધા સેન્ટરનો સમય પણ અત્યાર સુધી ૫.૩૦ વાગ્યા સુધીનો છે તેમાં વધારો કરવો જોઈએ જેથી નોકરી-ધંધા પરથી ઘરે પાછા ફરી રહેલા લોકો કરવેરા ભરી શકે છે અને તેના કારણે સુધરાઈની આવકમાં પણ વધારો થઈ શકે છે એવું સૂચન પણ નગરસેવક દ્વારા કરવામાં આવ્યું છે. ■

## પાટીલ

ગોંદિયા, અહેમદનગર અને નાંદેડ જિલ્લામાં પણ સંઘર્ષ યાત્રાનું આયોજન કરીશું. શરૂઆતના તબક્કા દરમિયાન સત્તાધારી ભાજપ અને સેના સંઘર્ષ યાત્રાની ટીકા કરતા હતા, પરંતુ હાલના તબક્કા દરમિયાન તેઓ ગામડે ગામડે જઈને ખેડૂતોને મળી રહ્યા છે. સરકાર પર દબાણ ઊભું થઈ રહ્યું છે. જો અમે નિરંતર વિરોધ કરતા રહીશું તો સરકાર અમારી સામે ઝૂકશે. કેન્દ્ર સરકાર ક્રૂડ ઑઈલના ઘટેલા ભાવનો લાભ આમ આદમીને આપવામાં નિષ્ફળ ગઈ છે. સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડી રહી છે, પરંતુ રાજ્ય સરકાર તેનો સરચાર્જ ચૂકવી રહી છે. અલબત્ત, જો જીએસટી (ગુડ્સ સર્વિસ ટેક્સ) પૂર્વે અત્યારે આવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય તો વિચારો ભવિષ્યમાં આમ આદમીના શું હાલ થશે, એવું તેમણે વધુમાં જણાવ્યું હતું. (એજન્સી) ■

## સીએમ

પંદરથી વીસ કૉન્સ્ટેબલ ફરજ પર હોય છે. તેમાંથી મોટા ભાગના કૉન્સ્ટેબલ વાહનો અટકાવીને વગર કારણે લોકોને હેરાન કરતા હોય છે, એમ વિધાન પરિષદના સભ્યએ જણાવ્યું હતું. ભારે વાહનોએ હંમેશા ડાબી બાજુની લૅનનો ઉપયોગ કરવો જોઇએ, પરંતુ અમૃતાંજન બ્રિજ નજીક મોટા ભાગના ભારે વાહનો મધ્ય અને જમીન બાજુના લૅનમાં દોડતા હોય છે. તેથી નાના વાહનો તેમને ઑવર-ટેક કરવાનો પ્રયાસ કરતા હોય છે અને અકસ્માત સર્જાય છે. આ માર્ગ પર ટ્રાફિકના નિયમો લાગુ કરવામાં ન આવતા મરણાંક વધી શકે છે, એમ ગાડગિલે વધુમાં જણાવ્યું હતું. (એજન્સી) ■


# ક્લાસિફાઈડ

### ૭. ખુશખબર

**''રમેશ મેચીંગ સેન્ટર, ભૂલેશ્વર''**
**બાંધણી, લહેરીયા, ગોટાવર્ક, ઉપાડાં સિલ્ક, કોટનક્રશ, ''દુપટ્ટાંની'' તદ્દન નવી વેરાયટીઓ, દુપટ્ટાં ડાઈ, ફોલ બીડીંગ, કાશ્મીરી રફુનાં સ્પેશ્યાલિસ્ટ : ૯૩૨૪૨૪૯૯૫૨. (૩૯૬૮-એ)**

### ૧૨. યાત્રા સહેલગાહ

**પંચગીની બંગલો**
ડેલી ભાડે મળશે, રેનોવેટેડ, ૩ બીએચકે, ગાર્ડન, બેડમીંટન કોર્ટ, માર્કેટ નજીક, ફક્ત વેજીટેરીયન ૯૮૨૧૦૫૫૩૦૯. (૭૧૮૭)

**પંચગની બંગલો**
ડેલી ભાડે મળશે. રેનોવેટેડ, ૩ બી.એચ.કે. ગાર્ડન, બેડમિંટન કોર્ટ, માર્કેટ નજીક. ફકત વેજીટેરિયન. ૯૮૨૧૦૫૫૩૦૯. (૪૩૦૨-એ)

**ગ્રાન્ડ ગાર્ડન રિસોર્ટ**
**ઇગતપુરી હિલસ્ટેશનમાં આપના પરિવાર સાથે ઉનાળાની રજાનો આનંદ માણો. બંગલાઓ, રો-હાઉસીસ, રૂમ્સ, સ્પા, સ્વીમીંગપુલ, એડવેન્ચર એક્ટિવિટીઝ ઘરબેઠા બુકીંગ. ૯૩૨૨૮૨૯૧૧૯/ ૯૨૨૫૧૩૮૭૨૩/ ૯૨૨૫૧૩૮૭૨૪/ ૨૨૬૭૭૦૭૦. www.theggresort.com (૪૨૬૩-સી)**

**''પીકનીક''**
ગ્રેટએસ્કેપ, સાયલન્ટ, રોયલ, એસેલવર્લ્ડ, પૅરેડાઈઝ, ઈમેજીકા, માંડવી, સરગમ. ''શ્રેયસ'' : ૯૮૬૯૬૫૧૧૯૭. (૪૨૩૫-એ)

### ૧૪. નોકરી ખાલી છે

■ ઘર બેસી કોમ્પ્યુટરમાં / મોબાઈલમાં ફોર્મ ફીલ કરો / ડાટા ટાઈપ કરો અને મહિનામાં ૧૨,૦૦૦ - ૧૬,૦૦૦ કમાઓ ટારગેટ નથી, વીકલી જોબ મળશે - ૯૬૬૪૪૮૮૧૧૪ / ૯૦૨૨૨૨૬૫૬૬. (૪૩૧૧-ઈ)

### ૧૫. નોકરી જોઈએ છે

**SOCIETY ACCOUNT**
Computerized billing with account. 9702274949. (4238-A)

### ૧૭. જગ્યા આપવી છે

**દેવલાલી**
**શગર ભોજનાલય પાસે ૩ બી.એચ.કે. રોહાઉસ, ૨૩૦૦ સ્કવેર ફીટ, ખાનગી બગીચો, ખેતરસાઈડ વ્યુ, એવમ સોસાયટી દેરાસર ને ભોજનાલયની સગવડ સાથે, ફુલી ફરનીશડ રેડી પોસેશન માટે સંપર્કઃ ૯૯૩૦૨૩૮૪૩૯. (૪૨૬૯-એ)**

**માટુંગા, દાદર**
પારસી કોલોની, હિંદુ કોલોની, કિંગ્સ સર્કલ, ૨ - ૩ - ૪ - ૫ બેડરૂમના ફલેટો, તૈયાર ત્થા બુકીંગમાં, લીઝ અને આઉટરાઈટથી લેવા/ વેચવા મળોઃ વિઝન રીયલટર્સ. ૨૪૧૨૮૧૭૮, ૯૮૨૦૩૨૭૪૫૦. (૭૦૦૭)

**જેવીપીડી, પ્રોપર જુહુ**
**એક્સકલુઝીવ પ્લોટ ૫૦૦ થી ૧૫૦૦ સ્કવેર યાર્ડ વેચાણથી મળશે. અંતિમ વપરાશકર્તા માટે ઉત્તમ, જોઈન્ટ વેન્ચર પણ શક્ય. ''દેસાઈ'' ૯૮૨૧૦૯૬૩૨૦, ૯૫૯૪૯૪૮૨૨૯. (એસકે/૩૯૨૩-ડી)**

**જુહુ જેવીપીડી સ્કીમ**
**૪ બેડરૂમ, હોલ, કિચન ૪૦૦૦ સ્કવેર ફીટ, હાયર ફલોર, મોટી બાલ્કની સાથે, ૧ ફલોર પર એક ફલેટ, સર્વન્ટ રૂમ સાથે વેચાણથી મળશે તેમ જ ૫ બેડરૂમ, હોલ, કિચન પેન્ટહાઉસ, ૫૦૦૦ સ્કવેર ફીટ પોશ બિલ્ડીંગ જેવીપીડીના પ્રાઈમ લોકેશન ખાતે વેચાણથી મળશે. સંપર્કઃ ''દેસાઈ'' ૯૫૯૪૯૪૮૨૨૯, ૯૮૨૧૬૩૮૨૨૯. (એસકે/૩૯૨૨-આઈ)**

**જુહુ બીચ લીઝથી**
**સી ફેસીંગ બંગલો, ૪ બેડરૂમ, હોલ, કિચન ૪૫૦૦ સ્કવેર ફીટ + ૧૮૦૦ સ્કવેર ફીટ ગાર્ડન તેમજ બીજા અન્ય બંગલા, પેન્ટહાઉસ ડુપ્લેક્સ વેચાણથી/ લીઝથી મળશે. સંપર્કઃ ''દેસાઈ'' ૯૮૨૧૦૯૬૩૨૦, ૯૫૯૪૯૪૮૨૨૯. (એસકે/૩૯૨૩-એ)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**ઈર્લા, પાર્લા વેસ્ટ**
**૩ બેડરૂમ, હોલ, કિચન ૨૨૦૦ સ્કવેર ફીટ, નવું બિલ્ડીંગ, હાયર ફલોર, ૩ કાર પાર્કિંગ સાથે, જૈન દેરાસર પાસે વેચાણથી મળશે રૂા. ૬ કરોડ. બીજી અન્ય ૪૫ પ્રપોઝલો ૫/૪/૩ બેડરૂમ, હોલ, કિચનની જુહુ એરિયામાં સંપર્કઃ ''દેસાઈ'' ૯૫૯૪૯૪૮૨૨૯, ૯૮૨૧૬૩૮૨૨૯. (એસકે/૩૯૨૨-ઈ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ભિવંડી**
જય માતાજી કમ્પાઉંડ, ''કાલેરમાં'' ઓફીસ/ દુકાન - ૪૫૦' ભાડેથી. ''કેસરીભાઈ'' ૦૯૩૨૪૬૩૬૧૬૬. (૪૩૪૦-એ)

**ઈન્વેસ્ટમેન્ટ**
બેંકને ભાડે આપેલી જગ્યા વેંચવાની છે. ૮૮૭૯૧૮૧૮૬૯, ૯૯૬૯૩૨૦૪૫૧. (૪૨૩૬-એફ)

**દુકાન**
૨૨ લાખથી શોપસ્ / ફલેટસ્, રેડી પઝેશન, ટોપ લોકેશન નાલાસોપારા વેસ્ટ - આદેશ્વર બિલ્ડર્સ્ ૯૧૪૬૧૮૯૨૫૯. (૩૮૫૬-ઈ)

### ૨૩. મનોરંજન

**ભરતભાઈ ડોસા**
**લગ્નગીતો, દાંડિયારાસ, સંગીતસંધ્યા, પ્રાર્થનાસભા - રણજીત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩/ ૨૩૮૧૧૩૩૩. (૭૩૦-એ)**

### ૨૭. ઔષધ ઉપચાર

**ફુગેલી પગની બ્લુ નસોનો**
લેઝરથી કેશલેસ ઉપચાર. ડો. પરેશ દેઢિયા. અંધેરીઃ- ૯૭૬૯૧૦૧૩૫૩ / ૭૯૭૭૫૮૭૭૯૮. (૩૭૧૨/એ)

### ૩૧. નાણાંકીય

**બજારમાં**
ખપતા, ન ખપતા કોઈપણ કંપનીના ફિજિકલ ડિમેટ શેરો ખરીદશું. મનિષ ઈન્વેસ્ટમેન્ટ હાઉસ ૨૮૦૫૫૭૧૯, ૨૮૦૫૪૭૩૦, ૯૬૧૯૩૧૫૩૬૨. (બી-૬૪૯૦)

### ૩૨. જમીન-મિલકત

**ઈગતપુરી (પૂર્વ)**
સ્ટેશનથી ૧.૫ કી.મી., હાયવે અને મેઈન રોડથી ૧૦૦ મીટર, એન.એ. પ્લોટ - ૧૦૦૦' / ૧૫૦૦' / ૨૦૦૦' સસ્તામાં સસ્તુંઃ ૯૮૨૩૩૬૨૨૨૯ / ૯૭૩૦૦૯૨૫૦૭. (૩૯૯૮-ઈ)

**LUXURY 4 BHK TERRACE Bunglow Aarey Goregaon E Int Airport - 20 min. 13,000 sf Garden large family Event Shoot Restro near by Rent: 15-25k. 9820360579 - sarla.com/villa.html (4048-A)**

"2 BHK BUNGALOW FOR Sale in the Vicinity of Mother Nature with Resort, Best Amenities & Maintenance facilities near Nasik @ 1.10 Cr. 7710077522". (B-6561)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ- મુવર્સ''**
૪૩ વર્ષથી ઓફીસ/ ઘરસામાન, ફેરવવા- ૯૯૨૦૯૫૫૨૯૧, ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭- લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૭૭૮-ડી)

**REFUNDS - CUSTOMS, EXcise, Foreign Trade, Service Tax, Digital Signature - 9820936980. (4107/B)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રી મહાલક્ષ્મી જ્યોતિષ**
જય જીનેન્દ્ર બધી જ સમસ્યાઓનું સમાધાન કરનેવાલા સ્પેશ્યાલીસ્ટ, જન્માક્ષર, ગૃહકલેશ, પતિપત્ની અણબનાવ, લવપ્રોબ્લેમ, લગ્નરૂકાવટ, સાસુબહુ / નણંદત્રાસ, કર્જમુક્તિ, લક્ષ્મીબંધન, છુટાછેડા, શત્રુનાશ, દારૂ છોડાવો બધી જ જગ્યાઓથી નિરાશ થયેલા અવશ્ય એકવાર મળો દહિસર (વેસ્ટ) સ્ટેશનની સામે, ૯૮૬૭૪૨૬૧૫૯. (૩૮૫૭-ઈ)

**શ્રી સિદ્ધિવિનાયક જ્યોતિષ**
**ઓરિજિનલ દેવદર્શન સાક્ષાત પરિણામઃ એ ટુ ઝેડ સમસ્યાઓ, તુરંત લાભ, થાણા (વેસ્ટ) ૭૪૦૦૩૯૫૪૫૯ - ૯૯૬૭૨૯૨૧૧૯. (૪૧૧૫/એ)**

**''શ્રીનાથજી જ્યોતિષ'' (હવેલીવાળા)**
**લેડીસ અને જેન્ટસ કોઈપણ પ્રોબ્લેમ માટે મળો ફિસ - ૨૦૧/- મલાડ વેસ્ટ - ૯૮૩૩૩૯૦૮૯૮. (૩૮૫૭-જી)**

**''અંબિકા જ્યોતિષ'' (અંબાજીવાળા)**
**લવ પ્રોબ્લમ, છુટાછેડા, સગાઈ, લગ્નમાં રૂકાવટ, શત્રુનાશ, સાસરીયાથી દુઃખી, ગૃહ-કલેશ, સૌતનમુક્તિ, લીબર્ટી ગાર્ડન - મલાડ (વેસ્ટ) ૯૭૨૬૨૬૮૩૦૫. (૩૮૫૭-એચ)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**વિધાતા જ્યોતિષ**
બધી સમસ્યાઓનું સમાધાન લગ્નયોગ લવ પ્રોબ્લેમ પતિ પત્ની અનબન ગૃહકલેશ નવગ્રહ શાંતિ (ઘાટકોપર ઈસ્ટ) ૮૮૨૮૦૯૬૭૨૩. (૪૧૨૧/ઈ)

**જ્યોતિષી**
મુંજવતા પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન જન્મ તારીખ ફોનથી જણાવો - ૯૧૬૭૦૩૭૩૦૭. (૪૩૧૧-એફ)

**નવદુર્ગા જ્યોતિષ**
એ ટુ ઝેડ સમસ્યાનું સમાધાન. લવ-પ્રોબ્લમ સૌતન દુઃખ - ધંધા-શત્રુ - ઘર-કંકાસ, છુટાછેડા તમામ મુંઝવણોનો સ્પેશ્યાલિસ્ટ - ૯૯૮૭૮૮૧૯૦૫ / ૯૯૮૭૭૩૧૩૯૨. (બી-૬૫૧૯)

**શ્રીજી જ્યોતિષ**
પંડિતજી દરેક સમસ્યાનું ઘેર બેઠે સમાધાન જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલીસ્ટ) ૯૯૨૦૫૭૩૮૫૬ (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળે.). (૪૧૨૧/બી)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલિસ્ટઃ ઉધઈ/ વાંદા/ માંકડ. કાંદિવલી - ૨૮૬૨૫૯૨૮/ ૨૮૬૨૫૯૨૯, ચીરાબજાર - ૬૫૧૮૧૦૩૦. (૩૭૪૨-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ ૯૮૨૧૧૯૫૭૨૦ / ૯૭૭૩૨૨૬૬૭૫ / ૨૮૬૫૭૭૬૮ (કાંદીવલી). (૪૨૩૬-એચ)

**સંસ્કાર પેસ્ટ કંટ્રોલ**
(સરકાર માન્ય આઈએસઓ કંપની) બોરીવલી - ૨૮૦૮૨૮૨૪, મલાડ - ૯૮૬૭૮૫૦૯૧૯ ચીરાબજાર - ૯૯૬૭૦૩૩૩૭૩, અંધેરી - ૮૪૫૧૯૪૦૯૧૯. ભાયંદર - ૨૮૦૪૫૮૮૬. (૪૨૫૨-ઈ)

### ૫૨. કુરીઅર્સ

■ ''આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ'' સૌથી વધુ વિશ્વસનીય અને વાજબી પાર્સલ સર્વિસ. યુએસએ, યુકે અને તમામ દેશો માટે. કોલ કરોઃ એ. ડબ્લ્યુ. કુરિયર એન્ડ કાર્ગો અંધેરી ૭૭૧૮૮૨૨૨૪૨/ ૨૮૫૧૦૧૭૧ કાલબાદેવીઃ ૮૪૫૪૯૬૯૯૧૧/ ૨૨૦૦૦૦૧૪. (૭૧૨૭)